ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

વાંચો અંદરના પેજ પર



સુરતની શાળામાં વાલી મીટિંગ યોજાઈ

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

વાંચો અંદરના પેજ પર



અમદાવાદમાં દીપડાની હાજરીની કોઈ પુષ્ટિ નહીં

•સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર •તંત્રી ડો. ઈલેવાન ઠાકર •Year - 20 •Issue 56 • THURSDAY-23-07-2026 •Price0.50/-(Paisa), Annual : 150/- •Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

## નેશનલ-ઈન્ટરનેશનલ

### કોમનવેલ્થ ગેમ્સ 2026નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર

**નવી દિલ્હી** : કોમનવેલ્થ ગેમ્સ 2026 સ્કોટલેન્ડના ગ્લાસગોમાં 23 જુલાઈથી શરૂ થશે. 74 દેશોના 3,000 એથલીટ્સ 13 રમતોમાં ભાગ લેશે. ભારતના 126 ખેલાડીઓ, જેમાં 77 પુરુષ અને 48 મહિલાઓ છે, મેડલ જીતવા પ્રયાસ કરશે. એથલેટિક્સમાં સૌથી વધુ 32 ભારતીય ખેલાડીઓ મેદાનમાં ઉતરશે. આ 23મી આવૃત્તિ છે.કોમનવેલ્થ ગેમ્સ 2026 સ્કોટલેન્ડના ગ્લાસગોમાં 23 જુલાઈથી શરૂ થવા જઈ રહી છે. રમતોના આ મહાકુંભમાં 74 દેશોના લગભગ 3,000 એથલીટ્સ પેરા-સ્પોર્ટ્સ સહિત 13 રમતોમાં ભાગ લેશે. ભારતીય દળમાં કુલ 126 એથલીટ્સ સામેલ છે, જેઓ તમામ રમતોમાં મેડલ જીતવાનો પૂરો પ્રયાસ કરશે. ભારતે આ રમતો માટે 77 પુરુષ અને 48 મહિલા એથલીટ્સને (પેરા-સ્પોર્ટ્સ સહિત) મોકલ્યા છે. ઉલ્લેખનીય છે કે 1930માં શરૂ થયેલી કોમનવેલ્થ ગેમ્સની આ 23મી આવૃત્તિ છે. અત્યાર સુધી યોજાયેલી 22 આવૃત્તિઓમાંથી ભારતીય દળ માત્ર 4 આવૃત્તિઓ (1930, 1950, 1962 અને 1986)માં સામેલ નહોતું થયું. સૌથી વધુ એથલીટ્સ એથલેટિક્સ ક્ષેત્રમાં છે, જ્યાં 32 ખેલાડીઓ મેડલ જીતવા માટે મેદાનમાં ઉતરશે. તેમાં 10 મહિલાઓ અને 22 પુરુષો સામેલ છે.

### NFO થકી કલેક્શનમાં ઘટાડો, છ વર્ષના તળિયે

**અમદાવાદ** : ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં સક્રિય ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં કુલ રોકાણ ઊંચું રહ્યું છે. ઈક્વિટી સ્કીમ્સમાં રૂ. ૪.૦૭ લાખ કરોડનું કુલ રોકાણ ૨૦૨૪ ના બીજા છ મહિનામાં પ્રાપ્ત થયેલા રેકોર્ડ ૪.૩૪ લાખ કરોડની ખૂબ નજીક હતું. આ સતત બીજું અર્ધ વર્ષ હતું જ્યારે રોકાણ ૪ લાખ કરોડને વટાવી ગયું હતું. જોકે, નવા ફંડ ઑફર્સ (એનએફઓ) માંથી મળેલી રકમ છ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગઈ હતી.આ મજબૂતાઈ સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (સિપ) માં સતત વધતા રોકાણો અને હાલની યોજનાઓમાં નોંધપાત્ર લમ્પ સમ રોકાણો દ્વારા પ્રેરિત હતી. આ એનએફઓ કલેક્શનમાં તીવ્ર ઘટાડાને સરભર કરે છે. ૨૦૨૫ ના બીજા અર્ધવાર્ષિકમાં રૂ. ૨૨,૦૨૬ કરોડથી વધુ અને ૨૦૨૪ ના બીજા અર્ધવાર્ષિકમાં રૂ. ૫૩,૦૦૦ કરોડથી વધુ એનએફઓ કલેક્શન ૨૦૨૬ના પહેલા અર્ધવાર્ષિકમાં ઘટીને રૂ.૭,૦૯૨ કરોડ થયું હતું.

### ટ્રમ્પનો નવો ફતવો : જેનેરિક દવાઓ પર 100 નહીં 200% ટેરિફ!

**વોશિંગ્ટન :અમેરિકન** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચિંતા વધારતો એક મોટો નિર્ણય લીધો છે. અમેરિકામાં આયાત કરવામાં આવતી જેનરિક દવાઓ પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકા ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે સૌથી મોટું માર્કેટ હોવાથી, ડોનાલ્ડ ટ્રમ્પના આ પગલાની સીધી અને ગંભીર અસર ભારતના ફાર્મા ઉદ્યોગ પર પડશે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જેનરિક દવાઓ પર લાદવામાં આવનારા ટેરિફ અંગે એક મહત્ત્વપૂર્ણ માહિતી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે 1 ઓગસ્ટ, 2026થી આગામી બે વર્ષ સુધી (ઓગસ્ટ 2028 સુધી) અમેરિકામાં આયાત થતી તમામ જેનરિક દવાઓ પર કોઈ ટેરિફ નહીં લાગે અને આયાત શુલ્ક શૂન્ય રહેશે.જોકે, ઓગસ્ટ 2028થી આ નિયમોમાં મોટો બદલાવ આવશે. 2028થી પ્રથમ વર્ષ માટે જેનરિક દવાઓ પર ટેરિફ વધારીને 100% કરવામાં આવશે અને ત્યારબાદ તેને 200% સુધી કરી દેવાશે. આ સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન કંપનીઓને કડક ચેતવણી આપી છે કે જો તેઓ નિર્ધારિત સમય મર્યાદામાં અમેરિકામાં પોતાના ઉત્પાદન પ્લાન્ટ અને સાધનો ઊભા નહીં કરે, તો તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર નીતિનો મુખ્ય હેતુ જેનરિક દવાઓનું ઉત્પાદન ફરીથી અમેરિકામાં જ શરૂ કરવાનો છે.

### આખરે સોનમ વાંગચુકે ભૂખ હડતાળ સમાપ્ત કરવાની તૈયારી દર્શાવી

**નવી દિલ્હી** :વિદ્યાર્થી આંદોલન અને તેના અનુસંધાનમાં સર્જાયેલા વિવાદ વચ્ચે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે વિદ્યાર્થીઓની વિવિધ માંગણીઓને ધ્યાનમાં લઈને તાત્કાલિક સંવેદનશીલ નિર્ણય લેવા અપીલ કરી છે. સોનમ વાંગચુકે શિક્ષણમંત્રીની જવાબદારીના મુદ્દે સંસદમાં ચર્ચા કરવાની માંગ કરી છે. સાથે જ આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પીડિત પરિવારોને યોગ્ય વળતર આપવામાં આવે તેવી રજૂઆત પણ કરી છે. પત્રમાં વાંગચુકે દિલ્હીમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કોઈપણ પ્રકારની દંડાત્મક કાર્યવાહી ન કરવા, અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવાની માંગ પણ કરી છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓ સામે કોઈપણ પ્રકારના કાનૂની અથવા વહીવટી પગલાં ન ભરવા જોઈએ. સોનમ વાંગચુકે પોતાના પત્રમાં સરકારના વિશ્વાસનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે જણાવ્યું કે, ગઈકાલે રાત્રે સરકાર તરફથી તેમની સાથે ચર્ચા દરમિયાન માંગણીઓ પર વિચાર કરવાનો વિશ્વાસ આપવામાં આવ્યો હતો. વાંગચુકે કહ્યું કે, જો સરકાર આ વિશ્વાસને લેખિત અથવા સ્પષ્ટ રીતે વ્યક્ત કરશે, અને માંગણીઓ અંગે સકારાત્મક પગલાં લેશે, તો તેઓ પોતાનો ઉપવાસ પૂર્ણ કરશે.

## વિધાનસભામાં ઘર્ષણની સ્થિતિ

# બંગાળ વિધાનસભામાં મોટો હોબાળો, ગૃહમાંથી TMC ધારાસભ્યને ટીંગાટોળી કરીને બહાર લઈ ગયા માર્શલ

### 80 માંથી 60 ધારાસભ્યોએ શોભનદેવ ચટ્ટોપાધ્યાયને નેતા વિપક્ષ માનવાનો ઇનકાર કરી દીધો હતો

**• કોલાકોતા**

: પશ્ચિમ બંગાળ વિધાનસભામાં બુધવારે એ સમયે હંગામો મચ્યો, જ્યારે TMCના ધારાસભ્ય કુણાલ ઘોષને માર્શલો દ્વારા ગૃહમાંથી બહાર કરી દેવામાં આવ્યા. ગૃહમાં TMCના બળવાખોર ધારાસભ્ય અખરુજ્જમાં ભાષણ આપી રહ્યા હતા, તે દરમિયાન કુણાલ ઘોષ વેલમાં પહોંચી ગયા, અને તેમના ભાષણમાં અવરોધ ઊભો કરવા લાગ્યા હતા. ત્યારે ભાજપના ધારાસભ્ય, તુરંત જ કુણાલ ઘોષ પાસે પહોંચી ગયા, અને તેમની સાથે ચર્ચા કરવા લાગ્યા. ગૃહમાં વધતા હંગામા વચ્ચે વિધાનસભા અધ્યક્ષે કુણાલ ઘોષને પોતાની સીટ પર પાછા ફરવા અપીલ કરી. જોકે, સ્થિતિ બેકાબૂ બની ગઈ, અને ત્યારબાદ વિધાનસભા અધ્યક્ષના આદેશ પર માર્શલોએ કુણાલ ઘોષને ગૃહમાંથી ટીંગાટોળી કરીને બહાર મોકલી દીધા. ઘટના દરમિયાન ગૃહમાં મોટાભાગના સમય સુધી અફરાતફરી અને હંગામાનો માહોલ સર્જાયો હતો.

વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, જ્યારે અખરુજ્જમાં ભાષણ આપવા ઊભા થાય છે, ત્યારે કુણાલ ઘોષ વેલમાં પહોંચે છે, અને બરાબર તેમની સામે આવીને ઊભા રહી જાય છે. તે દરમિયાન કુણાલ ઘોષ અખરુજ્જમાં પર ટિપ્પણી કરે છે. આ જોઈ ભાજપના ધારાસભ્ય કુણાલ ઘોષની નજીક આવે છે, અને તેમની વચ્ચે ધક્કામૂક્કી જેવી સ્થિતિ



સર્જાય છે. આ દરમિયાન અધ્યક્ષ કેટલીય વાર ઘોષને સીટ પર પાછા ફરવા અપીલ કરે છે. પરંતુ એવું ન થતાં, માર્શલ્સને બોલાવવામાં આવે છે, અને કુણાલ ઘોષને બહાર કાઢવા માટે કહેવામાં આવે છે. આ ઘટના પછી માર્શલ કુણાલ ઘોષને બહાર જવા માટે કહે છે, જેનો તેઓ વિરોધ કરે છે. ત્યારબાદ માર્શલ બળજબરીપૂર્વક ઘોષને ઊંચકીને ગૃહમાંથી બહાર કાઢી મૂકે છે.મહત્વનું છે કે, પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ મમતા બેનર્જીની પાર્ટી તૂટવાના આરે છે. કેટલાય ધારાસભ્યો અને સાંસદો બળવાખોર થઈ ચૂક્યા છે. ધારાસભ્ય ઋતવ્રતે બળવો કરીને અલગ જૂથ બનાવી લીધું, જેમાં આશરે 60 ધારાસભ્યો સામેલ છે. ત્યારબાદ પશ્ચિમ બંગાળ વિધાનસભા સ્પીકર રવીન્દ્રનાથ બોસે ઋતવ્રત બેનર્જીને નેતા વિપક્ષ તરીકે માન્યતા આપી દીધી. મમતા બેનર્જીએ શોભનદેવ ચટ્ટોપાધ્યાયને નેતા વિપક્ષ ઘોષિત કર્યા હતા. ત્યારબાદ પાર્ટીમાં બળવો થઈ ગયો છે. 80 માંથી 60 ધારાસભ્યોએ શોભનદેવ ચટ્ટોપાધ્યાયને નેતા વિપક્ષ માનવાનો ઇનકાર કરી દીધો હતો.

## તો બોમ્બ ફેંકીને પાવર પ્લાન્ટ અને પુલ ઉડાવી દઈશું', ટ્રમ્પે ફરી ઈરાનને ધમકી આપી

**• મુંબઇ**

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થતાં કોઈપણ જહાજ પર હુમલો કરશે, તો અમેરિકા તેના જવાબમાં ઈરાનના મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને તબાહ કરી દેશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, 'હવેથી જ્યારે પણ ઈરાન હોર્મુઝ જળમાર્ગમાં કોઈપણ જહાજ પર મિસાઈલ, રોકેટ, ડ્રોન કે અન્ય હથિયારથી હુમલો કરશે, ત્યારે અમેરિકા તેના એક પુલ અથવા પાવર પ્લાન્ટને બોમ્બ ફેંકીને તબાહ કરી દેશે.' આ નિશાનાઓમાં રાજધાની તેહરાનમાં કે તેની આસપાસ આવેલા સ્થળો પણ સામેલ હશે.

ટ્રમ્પની આ ધમકી વચ્ચે અમેરિકી સેનાએ ઈરાન સામે સતત 11મી રાત્રે સૈન્ય અભિયાન ચલાવ્યું હતું. યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, મંગળવારે મોડી રાત્રે થયેલા આ હુમલા 75 મિનિટ સુધી ચાલ્યા હતા, જેમાં ઈરાનના ઓપરેશન સેન્ટરો, ડ્રોન સ્ટોરેજ અને સૈન્ય લોજિસ્ટિક્સને નિશાન બનાવાયા હતા. અમેરિકાનો આક્ષેપ છે કે ઈરાને છેલ્લા 3 મહિનામાં હોર્મુઝ ક્ષેત્રમાંથી પસાર થતાં 30થી વધુ વેપારી જહાજો પર હુમલા કર્યા છે. અમેરિકી સેનાનું કહેવું છે કે આ જવાબી કાર્યવાહીનો મુખ્ય હેતુ હોર્મુઝમાં વેપારી જહાજો માટે જોખમ ઊભું કરવાની ઈરાનની ક્ષમતાને નબળી પાડવાનો છે.

## જંતર-મંતર લાઠીચાર્જ કેસ મામલે દિલ્હી હાઈકોર્ટ લાલઘૂમ : કેન્દ્ર અને પોલીસને નોટિસ અપાઇ

**• નવી દિલ્હી**

દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ પર થયેલા લાઠીચાર્જ અને કાર્યવાહીના મામલે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે. ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે CCTV, બોડી કેમ ફૂટેજ અને તમામ રેકોર્ડ સુરક્ષિત રાખવા નિર્દેશ આપ્યા છે. કોર્ટે 4 અઠવાડિયામાં જવાબ માંગ્યો છે, જેના પર બાદમાં અરજીકર્તા પોતાનો પક્ષ રજૂ કરશે.

અરજીકર્તાઓના વકીલોએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, સોનમ વાંગચુક અને અન્ય પ્રદર્શનકારીઓને જંતર-મંતર પરથી બળજબરીથી હટાવવા તથા લાઠીચાર્જ કરવો ગેરબંધારણીય હતો. વકીલ એન હરિહરને જણાવ્યું હતું કે, 'જ્યારે વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ પ્રદર્શન શરૂ કર્યું, ત્યારે તે તેમના બંધારણીય અધિકારોનો ભાગ હતું. પરંતુ બાદમાં પ્રદર્શનકારીઓ પર અતિશય બળપ્રયોગ અને બર્બરતા કરવામાં આવી હતી, જે અત્યંત ચિંતાજનક છે.'સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે સવાલ કર્યો હતો કે, જો પોલીસના મતે આ ગેરકાયદે મંડળી હતી, તો કાયદામાં આવી સ્થિતિને પહોંચી વળવા ચોક્કસ પ્રક્રિયા નક્કી કરાયેલી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે મોટી સંખ્યામાં લોકો જોડાયેલા હોય, ત્યારે દરેક વ્યક્તિને અલગથી FIR નોંધાવવા કહેવું યોગ્ય નથી. કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા ASG રાજુએ અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે, 'આ અરજીઓ માત્ર પબ્લિસિટી અને લાઈમલાઈટ મેળવવા માટે કરવામાં આવી છે. જેમના પર કથિત હુમલો થયો છે તેમાંથી કોઈ સામે આવ્યું નથી.

### રાજનાથ સિંહના વિપક્ષ પર પ્રહાર

## 'વિદ્યાર્થીઓને ભડકાવ્યા, સંસદમાં ચર્ચાથી ભાગ્યા'

### રસ્તા પર ઉકેલ શોધવાનો ખોટો પ્રયાસ કરી રહ્યો છે વિપક્ષ

**• નવી દિલ્હી**

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિરોધ પ્રદર્શન અને રસ્તાઓ પર થઈ રહેલા વિદ્યાર્થી આંદોલનોને લઈને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિપક્ષ પર તીખા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે, દેશના યુવાનો અને વિદ્યાર્થીઓને રાજકીય મહોરું બનાવીને ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓ અને યુવાનોના કલ્યાણ તથા તેમની આકાંક્ષાઓને પૂરી કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજનાથ સિંહે કહ્યું, 'મને પૂરો વિશ્વાસ છે કે, ભારતનો સમજદાર અને પરિપક્વ યુવા આ પ્રકારના રાજકીય કાવતરાંને સારી રીતે સમજે છે. તેઓ કોઈની ઉશ્કેરણીમાં આવવાને બદલે વિકાસ અને રાષ્ટ્ર નિર્માણના રસ્તાને પસંદ કરશે. અમારી સરકાર એ સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે કે, કોઈ પણ યુવા કે, વિદ્યાર્થી સાથે કોઈ અન્યાય ન થાય.'રાજનાથ સિંહે આરોપ લગાવ્યો કે, વિપક્ષના કેટલાક નેતાઓ જાણી જોઈને લોકો વચ્ચે ગુસ્સો ભડકાવવાની, અને અસંતોષનો ખોટો માહોલ ઊભો કરવાની કોશિશ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો આ પ્રયાસ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થશે.સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, 'ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે, અને સરકાર સંસદની અંદર દરેક સંવેદનશીલ મુદ્દા પર ચર્ચા કરાવવા માટે તૈયાર છે. આમ છતાં, વિપક્ષી દળો સંસદમાં હકારાત્મક ચર્ચા કરવાને બદલે રસ્તાઓ પર ઉકેલ શોધવાનો નવો, અને ખોટો રસ્તો અપનાવી રહ્યા છે. તેમણે વિપક્ષને સલાહ આપતા કહ્યું કે, જો તેઓ યુવાનોના મુદ્દાઓને લઈને જરાય ગંભીર હોય, તો તેમણે સદનમાં હંગામો ઊભો કરવાને બદલે સંસદીય મર્યાદા હેઠળ ટેબલ પર બેસીને ચર્ચા કરવી જોઈએ.'

### સિસ્ટમ માટે સુરક્ષિત કનેક્ટિવિટી આપશે

## ક્રિપ્ટો માર્કેટની જેમ હવે શેરબજાર પણ 24 કલાક ચાલુ રહેશે

### રોકાણકારોને રાત-દિવસ ટ્રેડિંગની તક!

**લંડન** : બદલાતી દુનિયા અને ડિજિટલ યુગની સાથે હવે શેરબજારમાં પણ મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. અત્યાર સુધી નિશ્ચિત સમય માટે ખુલ્લું રહેતું શેરબજાર હવે 24 કલાક કાર્યરત રહેશે, એટલે કે રોકાણકારો દિવસ હોય કે રાત, ગમે ત્યારે ટ્રેડિંગ કરી શકશે. આ નવીનતમ સિસ્ટમની શરૂઆત બ્રિટનથી થવા જઈ રહી છે.ડિજિટલ અને AIના આ સમયમાં ટ્રેડિંગને વધુ સરળ બનાવવા માટે લંડન સ્ટોક એક્સચેન્જે (LSE) 'લંડન સ્ટોક એક્સચેન્જ 24'ની જાહેરાત કરી છે. આ નવા પ્લેટફોર્મની મદદથી રોકાણકારો અઠવાડિયાના 5 દિવસ લગભગ 24 કલાક ટ્રેડિંગ કરી શકશે.આનો મુખ્ય હેતુ વિશ્વભરના રોકાણકારોને માર્કેટની કોઈ પણ મોટી ઘટના પર તરત નિર્ણયો લેવાની, જુદા જુદા ટાઈમ ઝોનમાં પણ સરળતાથી ખરીદ-વેચાણ કરવાની અને પોતાના જોખમ (રિસ્ક)ને વધુ સારી રીતે મેનેજ કરવાની સુવિધા આપવાનો છે.LSE 24ના સમયની વાત કરીએ તો, તે સોમવારથી શુક્રવાર સાંજે 5:00 વાગ્યાથી સવારે 7:50 વાગ્યા સુધી ચાલુ રહેશે. આ દરમિયાન દરરોજ સાંજે 6:30થી 7:00 વાગ્યા વચ્ચે બજાર બંધ કરવાની પ્રક્રિયા માટે 30 મિનિટનો વિરામ રહેશે.ખાસ વાત એ છે કે લંડન સ્ટોક એક્સચેન્જનું મુખ્ય બજાર તેના નિયમિત સમય (સવારે 8:00 થી સાંજે 4:30) મુજબ જ ચાલશે. LSE 24 તેનાથી સાવ અલગ અને સ્વતંત્ર રીતે કામ કરશે. મળતી માહિતી મુજબ, વર્ષ 2026ના અંત સુધીમાં ગ્રાહકો માટે આ પ્લેટફોર્મનું ટેસ્ટિંગ શરૂ થઈ જશે. ત્યારપછી જરૂરી મંજૂરીઓ મળતાં જ, 2027ના શરૂઆતના 6 મહિનામાં 'એક્સચેન્જ ટ્રેડેડ પ્રોડક્ટ્સ' (ETPs) સાથે LSE 24ની સત્તાવાર શરૂઆત કરવામાં આવશે. ખાસ વાત એ છે કે લંડન પહેલેથી જ ETPs માટે વિશ્વનું એક મુખ્ય કેન્દ્ર ગણાય છે.ETPs બાદ બીજા તબક્કામાં આ પ્લેટફોર્મ પર ઈક્વિટી ટ્રેડિંગ પણ શરૂ કરવામાં આવશે. LSE 24 આગામી પેઢીની ઓટોમેટિક અને AI-આધારિત ટ્રેડિંગ સિસ્ટમ માટે સુરક્ષિત કનેક્ટિવિટી આપશે.

### શેરબજારમાં કડાકા વચ્ચે

## વાયદા બજારમાં 3 દિવસમાં સોનું 4000 તો ચાંદી 10,000 રૂપિયા મોંઘી

### હાલમાં પ્રતિ 10 ગ્રામ 50,000થી વધુ સસ્તું ઉપલબ્ધ

**મુંબઇ** : આ સપ્તાહની શરૂઆતથી જ શેરબજારમાં સતત મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટી રોજેરોજ તૂટી રહ્યા છે, જેમાં બુધવારે પણ સેન્સેક્સ 600 પોઈન્ટ અને નિફ્ટી 180 પોઈન્ટથી વધુ ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા. સતત ત્રીજા દિવસે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ, કોમોડિટી માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે, જેમાં MCX પર ચાંદીની કિંમત માત્ર 3 જ દિવસમાં પ્રતિ કિલો 10,000 કરતાં પણ વધી ગઈ છે.મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીના ભાવ સતત વધી રહ્યા છે. છેલ્લા 3 દિવસથી તેમાં તેજી જોવા મળી રહી છે. 4 સપ્ટેમ્બરના વાયદાવાળી ચાંદી અગાઉના દિવસે 2,23,779 પર બંધ થઈ હતી, જે બુધવારે બજાર ખુલતાની સાથે જ 2,26,892 પર પહોંચી ગઈ હતી.જો છેલ્લા 3 દિવસની તેજીની વાત કરીએ તો, ગયા અઠવાડિયાના છેલ્લા દિવસે 1 કિલો ચાંદીનો ભાવ 2,16,403 પર બંધ થયો હતો. ત્યાંથી અત્યાર સુધીમાં ચાંદી પ્રતિ કિલો 10,489 જેટલી મોંઘી થઈ ગઈ છે.માત્ર ચાંદી જ નહીં, પરંતુ સોનાના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા 3 દિવસમાં MCX પર સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 1,40,906થી વધીને 1,44,883 પર પહોંચી ગયો છે. આ હિસાબે 10 ગ્રામ (24 કેરેટ) સોનાના ભાવમાં 3,977નો વધારો થયો છે. અગાઉના કારોબારી દિવસે 5 ઓગસ્ટના વાયદાવાળું સોનું 1,41,388 પર બંધ થયું હતું.સોના-ચાંદીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો હોવા છતાં, બંને કિંમતી ધાતુઓ તેમના ઓલ-ટાઈમ હાઈ સ્તરથી હજુ પણ ઘણી સસ્તા ભાવે મળી રહી છે. વાયદા બજારમાં ચાંદીની કિંમત જાન્યુઆરી મહિનાના અંતમાં 4,20,048ના સ્તરે પહોંચી હતી, જેની સરખામણીએ ચાંદી હજુ પણ પ્રતિ કિલો 1,93,156 સસ્તી મળી રહી છે. બીજી તરફ, સોનું તેના 2 લાખ પારના ઓલ-ટાઈમ હાઈ સ્તરથી હાલમાં પ્રતિ 10 ગ્રામ 50,000થી વધુ સસ્તું ઉપલબ્ધ છે.

### મુસ્લિમ બહુલ વિસ્તાર હોવાના કારણે પાલિકા તંત્ર દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવતી નથીના આક્ષેપો

# વિરમગામમાં પ્રજા પરેશાન, તંત્ર નિદ્રાધીનઃ કાજીવાડામાં ગટર-વરસાદી પાણીથી ગંદકીનું સામ્રાજ્ય, રજૂઆતો છતાં કોઈ ઉકેલ નહીં

**નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે 36 માંથી 26 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી હોવા છતાં પ્રજાને પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારવા પડી રહ્યા છે**





**• વિરમગામ**

ભાજપ શાસિત વિરમગામ નગરપાલિકા હસ્તક આવતા રહેણાંક વિસ્તારોમાં સ્થાનિક રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. શહેરના કાજીવાડા સહિત આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી ગટર અને વરસાદી પાણીના નિકાલના અભાવે ચારેય તરફ કાદવ-કીચડ અને દુર્ગંધયુક્ત ગંદકીનું સામ્રાજ્ય પથરાયેલું છે. આ અંગે સ્થાનિકો દ્વારા પાલિકા તંત્રને વારંવાર લેખિત તથા મૌખિક ફરિયાદો કરવામાં આવી હોવા છતાં અત્યાર સુધી કોઈ નક્કર ઉકેલ લાવવામાં આવ્યો નથી.

માર્ગો પર ભરાયેલા દુર્ગંધયુક્ત પાણી અને કાદવના કારણે મસ્જિદે નમાઝ પઢવા જતા શ્રદ્ધાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક લોકો ગંભીર આક્ષેપ લગાવી રહ્યા છે કે આ મુસ્લિમ બહુલ વિસ્તાર હોવાના કારણે પાલિકા તંત્ર દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવતી નથી અને તેમની રજૂઆતોની સતત અવગણના કરવામાં આવી રહી છે.

ગંદકીના સામ્રાજ્ય વચ્ચે વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધી ગયો છે, જેના કારણે અનેક રહીશો બીમારીનો ભોગ બની રહ્યા છે. આમ છતાં તંત્ર દ્વારા દવાનો છંટકાવ કે સફાઈની કોઈ જ તસ્દી લેવામાં આવતી નથી. ઉલ્લેખનીય છે કે વિરમગામમાં ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ છે અને આ તેમનો ગઢ ગણાય છે. તાજેતરની નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે 36 માંથી 26 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી હોવા છતાં પ્રજાને પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારવા પડી રહ્યા છે.

## તંત્રીની કલમે

# ચોમાસાની નબળી પ્રગતિ અનેક આર્થિક પડકારોને ખેંચી લાવશે

જૂનમાં ભારતમાં CPI આધારિત ફુગાવો RBI ના 4% લક્ષ્યાંક વટાવી 4.38% થયો. જાન્યુઆરી 2025 પછી આ પ્રથમવાર છે. ખાદ્ય અને ઈંધણના ભાવવધારાને કારણે ફુગાવો વધ્યો. નબળા ચોમાસાથી ખરીફ વાવણીમાં 16% ઘટાડો અને ખાદ્ય ફુગાવાની ચિંતા છે. વૈશ્વિક ક્રૂડના ભાવમાં ઉછાળાથી રિટેલ ઈંધણના ભાવ વધશે.જૂનમાં ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) પર આધારિત ફુગાવો ભારતીય રિઝર્વ બેંકના ૪% લક્ષ્યાંક કરતાં વધી ગયો છે. જાન્યુઆરી ૨૦૨૫ પછી આ પહેલી વાર છે. તાજેતરમાં જાહેર કરાયેલા આંકડા અનુસાર, જૂનમાં ફુગાવો વધીને ૪.૩૮% થયો, જે પાછલા મહિનામાં ૩.૯૩% હતો. ફુગાવામાં આ વધારો મુખ્યત્વે ખાદ્ય અને ઈંધણના ભાવમાં વધારો થવાને કારણે થયો હતો. ખાદ્ય ભાવ સૂચકાંકમાં ૫.૩૨% નો વધારો થયો હતો. મુખ્ય ફુગાવો લગભગ ૪% રહેવાની ધારણા છે. નાણાકીય નીતિ સમિતિ ઓગસ્ટની શરૂઆતમાં તેની નીતિ સમીક્ષા કરશે. તેની પાસે જૂન મહિના માટે નવીનતમ ફુગાવાનો ડેટા ઉપલબ્ધ હશે. જ્યારે એકંદર ડેટા પોતે ચિંતાનું કારણ નથી, વર્તમાન મેક્રોઈકોનોમિક વાતાવરણની જટિલતાઓ નાણાકીય નીતિ સમિતિ મીટિંગ પર પ્રભુત્વ ધરાવે તેવી શક્યતા છે. યુએસ અને ઈરાન યુદ્ધવિરામ માટે સંમત થયા અને વાટાઘાટો દ્વારા બાકી રહેલા મુદ્દાઓનું નિરાકરણ લાવ્યા પછી વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો. ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટનો ભાવ એપ્રિલમાં સરેરાશ ૧૧૪ ડોલર પ્રતિ બેરલથી ઘટીને જુલાઈમાં આશરે ૭૧ ડોલર પ્રતિ બેરલ થયો હતો. જોકે, ઘણા લોકોને ડર હતો તેમ, આ યુદ્ધવિરામ ટકી શક્યો નહીં, અને છેલ્લા કેટલાક દિવસોથી બંને પક્ષો વચ્ચે હુમલાઓ ચાલુ રહ્યા છે. પરિણામે, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા જહાજોની અવરજવરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.વૈશ્વિક ક્રૂડ ઓઈલનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ જળમાર્ગમાંથી પસાર થાય છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લો છે અને યુએસ ખાતરી કરશે કે તે ઈરાન સિવાય તમામ દેશો માટે ખુલ્લો રહેશે, પરંતુ ફી સાથે. સુરક્ષા પૂરી પાડવાના બદલામાં વળતરની યુએસની માંગ પોતે જ એક સમસ્યા છે અને તેના વ્યાપક ભૂરાજકીય પરિણામો છે. વધુમાં, આ સંઘર્ષે સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે ઈરાની હુમલાઓને અટકાવવાનું સરળ રહેશે નહીં. ઈરાને ઈચ્છા મુજબ પ્રદેશમાં વિવિધ લક્ષ્યોને નિશાન બનાવ્યા છે.

**ઈલેવાન ઠાકર**

# સાયબર ગુનાઓથી મહિલાઓનું કાનૂની રક્ષણ




આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટ, સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાનો ઉપયોગ જીવનન અભિન્ન ભાગ બની ગયો છે. ટેક્નોલોજીના વિકાસથી અનેક સુવિધાઓ પ્રાપ્ત થઈ છે, પરંતુ તેની સાથે સાયબર ગુનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને મહિલાઓ સાયબર ગુનાઓનો વધુ ભોગ બને છે. સોશિયલ મીડિયા પર હેરાનગતિ, અશ્લીલ સંદેશાઓ મોકલવા, ફેક પ્રોફાઈલ બનાવવી, વ્યક્તિગત ફોટા અથવા વિડિઓનો દુરુપયોગ કરવો, ઓનલાઈન બ્લેકમેઈલ કરવું અને સાયબર સ્ટોકિંગ જેવા ગુનાઓ મહિલાઓની સુરક્ષા, ગૌરવ અને ગોપનીયતા માટે ગંભીર પડકાર ઉભા કરે છે. આવા ગુનાઓ સામે મહિલાઓને કાનૂની રક્ષણ આપવા માટે ભારત સરકારે વિવિધ કાયદાકીય જોગવાઈઓ અમલમાં મૂકી છે. સાયબર ગુનો એ એવો ગુનો છે જે કમ્પ્યુટર, મોબાઈલ, ઈન્ટરનેટ અથવા અન્ય ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવે છે. મહિલાઓ સામે થતા મુખ્ય સાયબર ગુનાઓમાં ફેક સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવું, અશ્લીલ ફોટા અથવા વિડિઓ પ્રસારિત કરવી, ઓળખની ચોરી કરવી, ઓનલાઈન ધમકીઓ આપવી, બદનામી કરવી, રિવેન્જ પોર્ન, સાયબર સ્ટોકિંગ અને નાણાકીય છેતરપિંડીનો સમાવેશ થાય છે. મહિલાઓના રક્ષણ માટે માહિતી ટેક્નોલોજી અધિનિયમ, 2000 મહત્વપૂર્ણ કાયદો છે. આ કાયદાની કલમ 66C હેઠળ કોઈ વ્યક્તિની ઓળખ, પાસવર્ડ અથવા ડિજિટલ સહીનો ગેરકાયદેસર ઉપયોગ કરવો ગુનો ગણાય છે અને તેના માટે ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડની જોગવાઈ છે. કલમ 66D મુજબ ઓનલાઈન છેતરપિંડી અથવા ખોટી ઓળખ દ્વારા મહિલાને ભ્રમિત કરવી સજાપાત્ર ગુનો છે. કલમ 66E હેઠળ મહિલાની ગોપનીયતાનો ભંગ કરીને તેની ખાનગી તસવીરો અથવા વિડિઓ તેની મંજૂરી વિના પ્રસારિત કરવી ગુનો ગણાય છે. કલમ 67 અને 67A હેઠળ અશ્લીલ અથવા લૈંગિક રીતે સ્પષ્ટ સામગ્રીનું ઈલેક્ટ્રોનિક પ્રકાશન અથવા પ્રસારણ કરનાર વ્યક્તિને કડક સજા થઈ શકે છે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા, 2023 (BNS) હેઠળ પણ મહિલાઓને મહત્વપૂર્ણ રક્ષણ આપવામાં આવ્યું છે. મહિલાની મર્યાદાનું અપમાન કરવું, ઓનલાઈન પીછો કરવો (Cyber Stalking), ધમકી આપવી, બ્લેકમેઈલ કરવું, ખોટી માહિતી ફેલાવવી અથવા મહિલાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે તેવી સામગ્રી પ્રસારિત કરવી જેવા કૃત્યો કાયદેસર ગુનાઓ ગણાય છે. આવા ગુનાઓ માટે કેદ તથા દંડ બંનેની જોગવાઈ કરવામાં આવી છે. Facebook, Instagram, WhatsApp, Telegram અને X (Twitter) પર જો કોઈ મહિલા સામે અશ્લીલ ટિપ્પણીઓ કરે, ગંદા સંદેશાઓ મોકલે, ફેક એકાઉન્ટ બનાવી બદનામી કરે અથવા વ્યક્તિગત ફોટાનો દુરુપયોગ કરે તો તે સાયબર ગુનો ગણાય છે. આવા કિસ્સામાં મહિલાઓને તાત્કાલિક કાનૂની કાર્યવાહી કરવાની સત્તા છે. સાયબર ગુનાનો ભોગ બનેલી મહિલા નજીકના પોલીસ સ્ટેશન અથવા સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાવી શકે છે. ઉપરાંત ભારત સરકારના National Cyber Crime Reporting Portal પર ઓનલાઈન ફરિયાદ પણ કરી શકાય છે. સાયબર છેતરપિંડી અથવા તાત્કાલિક સહાય માટે 1930 હેલ્પલાઈન પર સંપર્ક કરી શકાય છે. ફરિયાદ કરતી વખતે સ્ક્રીનશોટ, મેસેજ, ઈ-મેઈલ, URL લિંક અને અન્ય ડિજિટલ પુરાવા સાચવી રાખવા ખૂબ જ જરૂરી છે. મહિલાઓએ સાયબર ગુનાઓથી બચવા માટે કેટલીક સાવચેતીઓ પણ રાખવી જોઈએ. મજબૂત પાસવર્ડનો ઉપયોગ કરવો, OTP અથવા બેંકિંગ વિગતો કોઈને ન આપવી, અજાણી લિંક પર ક્લિક ન કરવું, સોશિયલ મીડિયા પ્રોફાઈલને પ્રાઈવેટ રાખવી, અજાણ્યા લોકો સાથે વ્યક્તિગત માહિતી શેર ન કરવી અને શંકાસ્પદ એકાઉન્ટને તરત બ્લોક તથા રિપોર્ટ કરવું જોઈએ.

# નેક્સ્ટ- જનરેશન પેસ્ટ મેનેજમેન્ટમાં ભારતના નાના ખેડૂતોને સહયોગ આપવા બેયર રજૂ કરે છે, ટ્રાન્સ

**ટ્રાન્સ એ ૧૦૦ એમએલ, ૨૨૦ એમએલ અને ૫૦૦ એમએલ પેકમાં ઉપલબ્ધ થશે**




**• ગાંધીનગર**

બેયર આજે રજૂ કરે છે, ટ્રાન્સ, એક નવીનતમ જંતુનાશક જે ખાસ કપાસમાં થતી મોલો-મસી, લીલી પોપટી અને સફેદ માખીના બચ્ચા સહિત ચૂસીયા જીવાતો સામે અસરકારક રીતે રક્ષણ કરવામાં ખેડૂતોને મદદ કરવા માટે તૈયાર કરવામાં આવેલું એક નવું જંતુનાશક છે. એક જ સોલ્યુશન્સમાં બે પુરક ક્રિયા પદ્ધતિઓ વિકલ્પોના સંયોજન સાથે, ટ્રાન્સ એ એક વ્યાપક-વ્યવસ્થાપન નિયંત્રણ પૂરું પાડે છે, જે સ્વસ્થ પાક, સુધારેલી ઉત્પાદકતા અને ખેડૂતોની નફાકારકતામાં વધારો કરે છે. આ પ્રોડક્ટ જુલાઈ 2026થી મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, તમિલનાડુ, કેરળ, રાજસ્થાન, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, પંજાબ, હરિયાણા અને પશ્ચિમ બંગાળ સહિતના મુખ્ય કપાસ ઉગાડતા રાજ્યોમાં મળશે.

ભારતમાં કપાસની ખેતી એક સાથે અનેક ચૂસીયા જીવાતોનો સામનો કરી રહી છે, આ જીવાતોની પ્રતિકારક શક્તિ વધારી રહી છે અને જીવાત સમૂહ માટે વ્યાજબી દરમાં અસરકારક ઉકેલો મળી રહ્યા નથી. આ પડકારો ઘણીવાર પાકની શક્તિમાં તથા ઉપજમાં ઘટાડો અને ખેડૂતો માટે ઉત્પાદન ખર્ચમાં વધારો કરવા બાજુ દોરી જાય છે.

આ વિકસતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિકસાવવામાં આવેલ, ટ્રાન્સ એ બે અદ્યતન કેમિસ્ટ્રીની પુરક ક્રિયા પદ્ધતિને એકસાથે જોડે છે. આધુનિક કૃષિ માટે રચાયેલ, ટ્રાન્સ એ બે રીતે કામ કરતી પ્રણાલીગત ગતિવિધિ અને આંતરપ્રવાહી ક્રિયા પ્રદાન કરે છે, જે હાલના પર્ણસમૂહ અને નવા છોડના વિકાસ બંનેનું રક્ષણ કરે છે. તેનું ફોર્મ્યુલેશન એપ્લિકેશનના બે કલાક પછી વરસાદથી ધોવાઈ જતુ નથી અને કામગીરી પ્રદાન કરે છે અને સંકલિત જીવાત વ્યવસ્થાપન (આઈપીએમ) કાર્યક્રમોમાં સારી રીતે બંધ બેસે છે, જે વધુ ટકાઉ પાક સંરક્ષણની પ્રથાઓને સમર્થન આપે છે.અસરકારક જીવાત નિયંત્રણ ઉપરાંત, ટ્રાન્સ એ ખેડૂતોને કીટક, ઝડપથી ખાવાનું બંધ કરવું, સ્વચ્છ પાંદડા અને સ્વસ્થ કપાસના વિકાસ દ્વારા પાકના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. પાકને થતા નુકસાન તથા વારંવાર હસ્તક્ષેપની જરૂરિયાત ઘટાડીને, તે રોકાણ પર મહત્તમ વળતર આપીને ઉપજની ક્ષમતાને સુધારવામાં મદદ કરે છે.આ રજૂઆત વિશે, બાયરના ક્રોપ સાયન્સ વિભાગના ભારતના ચીફ ઓપરેટિંગ ઓફિસર મોહન બાબુએ જણાવ્યું હતું કે, ‘બેયર હંમેશા એક નવી શરૂઆત કરીને ખેડૂતોના બદલાતા જતા પડકારોને સમજવાથી શરૂ કરે છે. અનેક જીવાતોની ઘટનાઓ અને વધતા પ્રતિકારને કારણે શોષક જીવાતોની સામે રક્ષણ કરવું વધુને વધુ મુશ્કેલ બન્યું છે. ટ્રાન્સ એ એક નવીન ઉકેલ દ્વારા બે પૂરક પ્રક્રિયાને એકસાથે લાવે છે, જેનાથી ખેડૂતોને પાકના સ્વાસ્થ્ય, ઉત્પાદકતા અને નફાકારકતામાં સુધારો કરવામાં મદદ કરવાની સાથોસાથ અસરકારક રીતે જીવાતની સામે સુરક્ષા પૂરી પાડે છે.‘ટ્રાન્સની રજૂઆતની સાથે, બેયર એ વિજ્ઞાન-આધારિત નવીન શોધને આગળ વધારતા તેના પાક સંરક્ષણ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવી રહી છે. જે ખેડૂતોને સંસાધનોનું સંરક્ષણ કરવાની સાથોસાથ સ્થિર ખેતીની પદ્ધતિને આગળ ધપાવતા વધુ ઉત્પાદન કરવા સક્ષમ બનાવે છે.ટ્રાન્સ એ ૧૦૦ એમએલ, ૨૨૦ એમએલ અને ૫૦૦ એમએલ પેકમાં ઉપલબ્ધ થશે.

### નિષ્કર્ષ પર પહોંચવા 30થી વધુ ટીમો તૈનાતઃ વન વિભાગ

# થર્મલ ચિત્રો પ્રમાણે અમદાવાદમાં દીપડાની હાજરીની કોઈ પુષ્ટિ નહીં



**• અમદાવાદ**

અમદાવાદના ઘુમા, શીલા અને બોપલ વિસ્તારમાં દીપડાની હિલચાલ હોવાના અહેવાલો મળ્યા બાદ વન વિભાગે સર્વેલન્સ વધારી દીધું છે. વિસ્તારમાં વન્યજીવની હાજરીની પુષ્ટિ કરવા અને જરૂરી પુરાવા એકત્ર કરવા માટે 30થી વધુ ટીમોને ક્ષેત્રીય તપાસ માટે મેદાનમાં ઉતારવામાં આવી છે.

સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદના જણાવ્યા મુજબ પરંપરાગત અને આધુનિક ટૅક્નોલૉજી આ બંને પદ્ધતિઓનો ઉપયોગ કરીને અલગ-અલગ સ્થળોએ 24 કલાક રાઉન્ડ-ધ-ક્લોક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે દીપડો ખરેખર આ વિસ્તારમાં આવ્યો છે કે નહીં તે સુનિશ્ચિત કરવા માટે પગમાર્ક(પગલાંના નિશાન), મળ, કેમેરા ટ્રેપના ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓની માહિતી જેવા પ્રત્યક્ષ અને પરોક્ષ પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે.

ઘુમા, શીલા અને બોપલમાં 30થી વધુ ટીમો સિસ્ટમેટિકલી ખુલ્લી જમીનો, ઝાડી-ઝાંખરાવાળા વિસ્તારો અને અન્ય સંભવિત વન્યજીવ નિવાસસ્થાનોનું સર્વેક્ષણ કરી રહી છે. વન વિભાગ દરેક પુરાવાનું ઝીણવટથી વિશ્લેષણ કરી રહ્યું છે અને કોઈ છેલ્લા નિષ્કર્ષ પર પહોંચતા પહેલા સંપૂર્ણ તપાસ કરી રહ્યું છે. આ સાથે જ વિભાગે રહીશોને ભયભીત ન થવા અને સોશિયલ મીડિયા પર કોઈ પણ બિન-ચકાસાયેલ અફવાઓ કે માહિતી ન ફેલાવવા અપીલ કરી છે.સર્વેલન્સ કામગીરી દરમિયાન વન વિભાગ દ્વારા તૈનાત કરાયેલા એક થર્મલ ડ્રોનમાં આ વિસ્તારમાં નીલગાય(રોઝ) ફરતી હોવાનું કેપ્ચર થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના દર્શાવે છે કે શહેરની સીમા પાસેના વિસ્તારોમાં વન્યજીવોની અવરજવર રહે છે, પરંતુ અત્યાર સુધી મળેલા થર્મલ ચિત્રોમાંથી દીપડાની હાજરીની કોઈ પુષ્ટિ થઈ નથી.

હાલમાં સર્ચ ઓપરેશન ચાલુ છે અને અહેવાલોની સંપૂર્ણ ચકાસણી ન થાય ત્યાં સુધી આ મોનિટરિંગ ચાલુ રહેશે. વન વિભાગે સ્થાનિક રહીશોને સતર્ક રહેવા, રાત્રિના સમયે કે અંધારામાં એકલવાયા વિસ્તારોમાં જવાનું ટાળવા અને જો કોઈ વન્ય પ્રાણી નજરે પડે તો તુરંત વન વિભાગનો સંપર્ક કરવા વિનંતી કરી છે. દક્ષિણ-પશ્ચિમ અમદાવાદના વિસ્તારોમાં શંકાસ્પદ દીપડો જોયાના અહેવાલો સામે આવ્યા બાદ જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવા અને સત્યતા ચકાસવા માટે વન વિભાગે આ કાર્યવાહી ઝડપી બનાવી છે.

### ‘શ્રી ડી. વી. રાવલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે

# ઉમાશંકર જોશીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી



**• કિસાનરાજ**

‘શ્રી ડી. વી. રાવલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઉમાશંકર જોશીની જન્મજયંતિની ઉજવણી‘ હળવદ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી ડી. વી. રાવલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત આયોજન અંતર્ગત કોલેજમાં આજ રોજ તા -21-07-26ને મંગળવારે જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક ઉમાશંકર જોશીની જન્મજયંતિ નિમિત્તે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કર્યો અને સંસ્કૃતના પ્રો. એમ. જી. વણકરે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી , મુખ્ય વક્તા શ્રી નરેન્દ્રસિંહ રાણાનો પરીચય આપ્યો હતો. મહેમાનોનું પુષ્પગુચ્છથી પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલ દવે સાહેબે પ્રાસંગિક પ્રવચનમાં જો ભાષા લુપ્ત થાય તો સંસ્કૃતિ પણ લુપ્ત થઈ જાય એવું કહીને ભાષા અને સાહિત્યનું મહત્ત્વ સમજાવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે શ્રી નરેન્દ્રસિંહ રાણાએ ઉમાશંકર જોશીની વાર્તાઓ વિશે રસપ્રદ વક્તવ્ય આપીને પોતાની વાર્તાનો આસ્વાદ કરાવ્યો હતો. વાર્તાની સર્જનપ્રક્રિયા સમજાવી હતી.

કાર્યક્રમના અંતે સંસ્કૃતનાં પ્રો. એચ. આર. જોગલે સર્વેનો આભાર માની આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતીનાં પ્રો. એસ. આર. ડાંગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર કૉલેજ સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી. મંડળના પ્રમુખશ્રી જિજ્ઞાસુભાઈ પંચોલી, મંત્રીશ્રી ધર્મનેદ્રભાઈ રાવલ તથા સૌ ટ્રસ્ટીશ્રીઓએ કોલેજના સફળ કાર્યક્રમ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

### ચાઈલ્ડ હેલ્પલાઈન 1098 અને RPF દ્વારા

# સુરત રેલવે સ્ટેશન પર બાળ સુરક્ષા અંગે જાગૃતિ અભિયાન

**બાળકોને મદદ માટે 1098 તથા RPF/GRPનો સંપર્ક કરવા અપીલ**



**• જે બી ટાંક પત્રકાર સુરત**

ચાઈલ્ડ હેલ્પલાઈન-1098 અને રેલવે સુરક્ષા દળ (RPF)ના સંયુક્ત ઉપક્રમે સુરત રેલવે સ્ટેશન પરિસરમાં બાળ સુરક્ષા અંગે જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. જેમાં હેલ્પલાઈનના દીપક જાયસવાલ, દિવ્યા મહાકાલ, સુપરવાઈઝર રિતલ ડામોર, કેસ વર્કર ખુશ્બુ ચૌધરી તેમજ RPFના ઉપનિરીક્ષક શ્રી આનંદ ગણપત તીખ્પે, ASI શ્રી પાંડે અને દક્ષાબેનના સહયોગથી યાત્રીઓ, વાલીઓ અને બાળકોને ચાઈલ્ડ હેલ્પલાઈનની વિવિધ સેવાઓ, બાળકો માટેની કલ્યાણકારી યોજનાઓ અંગે વાકેફ કરાયા હતા.

સ્ટેશન પરિસરમાં રાઉન્ડ લઈને કોઈ બાળક ભિક્ષાવૃત્તિ કરતું હોય, પરિવારથી વિખૂટું પડેલું હોય અથવા અન્ય કોઈ જોખમી પરિસ્થિતિમાં હોય તેની ચકાસણી કરાઈ હતી. મુસાફરી દરમિયાન બાળકોનું વિશેષ ધ્યાન રાખવું, તેમને એકલા ન મૂકવા તથા અજાણ્યા વ્યક્તિઓથી સાવચેત રહેવા અંગે મુસાફરો, વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ બાળલગ્ન, બાળમજૂરી, બાળ તસ્કરી, ભિક્ષાવૃત્તિ, ત્યજી દેવાયેલા તથા સંકટગ્રસ્ત બાળકો અંગે તાત્કાલિક 1098 અથવા RPF/GRPનો સંપર્ક કરવા અપીલ કરાઈ હતી.

### રાહુલ - પ્રિયંકા સહિતના કોંગ્રેસના નેતાઓ છેક પીએમ આવાસ સુધી પહોંચી શકયા!

# અત્યંત ગુપ્ત પ્લાનીંગ : ખડગેને જન્મદિવસના અભિનંદન આપવા એકત્ર થયા અને પીએમ આવાસ પહોંચી ગયા

**ગૃહમંત્રાલય ચોંકયું : ઝેડ પ્લસ સુરક્ષા ધરાવતા નેતાઓ ઉપરાંત બે - બે રાજયના મુખ્યમંત્રીઓ પણ સામેલ હતા**

• નવી દિલ્હી

ગઈકાલે રાહુલ તથા પ્રિયંકા ગાંધી સહિતના કોંગ્રેસના નેતાઓએ જે રીતે વડાપ્રધાન આવાસ સુધી પહોંચીને ધરણા શરુ કરી દીધા ત્યાં સુધી પોલીસ અને ગુપ્તચર વિભાગને જાણ ન થઈ તે મુદે હવે સરકાર ચોંકી ઉઠી છે.

ગઈકાલે બપોરે સાડા ત્રણ વાગ્યે રાહુલ, પ્રિયંકા, મલ્લીકાર્જુન ખડગે સહિતના નેતાઓ લોકકલ્યાણ માર્ગ તરીકે ઓળખાતા પીએમ આવાસની નજીક પહોંચી ગયા ત્યાં સુધી પોલીસ કે મીડીયાને પણ ખ્યાલ આવ્યો નહી અને 20 મીનીટ બાદ પોલીસ અને મીડીયા ત્યાં ધસી ગયું.

ત્યારબાદ ત્રણ કલાક સુધી જે રીતે તેઓને અહીથી ખસેડવા માટેની કાર્યવાહી કરવામાં આવી પરંતુ વડાપ્રધાન આવાસ જેવા સંવેદનશીલ વિસ્તારમાં આટલી મોટી સંખ્યામાં સતત નજર હેઠળ રહેલા અને ઝેડ પ્લસ સહિતની સીકયુરીટી ધરાવતા વ્યકિતઓ પહોંચી જાય તો પણ પોલીસને કે આઈબીને ખ્યાલ ન આવ્યો તે અંગે હવે ગૃહમંત્રાલય દ્વારા તાત્કાલિક રિપોર્ટ મંગાવાયો છે.

કોંગ્રેસે અત્યંત ગુપ્ત રીતે આ પ્લાનીંગ કર્યુ હતું. એક તબકકે તેઓ જંતર મંતર પર જશે અથવા તો વિપક્ષ રાષ્ટ્રપતિને આવેદન આપશે તેવા અહેવાલો આવ્યા હતા. પરંતુ બપોરે 3.30 વાગ્યે કોંગ્રેસના નેતાઓ તેના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગેને જન્મદિવસના અભિનંદન આપવાના બહાને એકત્ર થયા અને 3.30 મીનીટે ખડગેના નિવાસથી તેઓ પીએમ આવાસ ભણી જવા રવાના થયા.

મોદી અને ખડગેનું આવાસ નજીક નજીક છે પરંતુ બંને વચ્ચે સુરક્ષાની જબરી વ્યવસ્થા છે. તમામ કોંગ્રેસના નેતાઓ પીએમ આવાસ નજીક નીકળી ગયા. કેરળના મુખ્યમંત્રી વી.ડી. સતીષન તથા કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર પણ તેમાં સામેલ હતા.રાહુલ અને પ્રિયંકા ઝેડ પ્લસ સુરક્ષા ધરાવે છે અને તેમની સાથે સતત સુરક્ષાગાર્ડ રહે છે તેમ છતાં તેઓ આ રીતે પહોંચી શકયા અને ધરણા શરુ કરી દીધા. આમ જે રીતે સુરક્ષાને ચકમો અપાયો તે બાબતને ગંભીરતાથી લેવાઈ છે અને હવે ગૃહમંત્રાલયથી દિલ્હી પોલીસ અને આઈબીમાં અનેક સામે આકરા પગલા લેવાય તેવી ધારણા છે.



### વિજય સાથે કોંગ્રેસે હાથ મિલાવી દીધા

# સત્તા વિના ડીએમકે સિયાં વિયાં તોડફોડ માટે કરોડોની ઓફર

**વિધાનસભ્યોની કિંમત ૫૦ કરોડ લગાવી**

• ચેનનૂઈ

તમિલનાડુમાં અભિનેતા વિજયના પક્ષ TVKએ DMK પર સનસનાટીભર્યા આક્ષેપો કર્યા છે. TVKના ધારાસભ્યોને તોડવા 50 કરોડની ઓફર કરાઈ હોવાનો દાવો છે. DMK દ્વારા જોસેફ વિજયની સરકાર ઉથલાવવા નાણાકીય પ્રલોભનો અપાયા છે. ઓફર ઠુકરાવનાર ધારાસભ્ય એન.ઈલ્યારાજાએ પોલીસનો સંપર્ક કર્યો છે, જેમાં 2ની ધરપકડ થઈ છે. છેલ્લા 40 દિવસમાં 10 થી 50 કરોડની ઓફર કરાઈ છે.તમિળનાડુમાં સત્તાધારી અભિનેતા વિજયના પક્ષ ટીવીકેએ બહુ સનસનાટી ભર્યો આક્ષેપ કર્યો છે કે અમારા વિધાન સભ્યને તોડવા ૫૦ કરોડની ઓફર કરાઈ છે. કહે છે કે ડીએમકેએ જોસેફ વિજયની સરકારને ઉથલાવવા નાણા કોથળી ખુલ્લી મુકી દીધી છે. એક વિધાનસભ્યના ૫૦ કરોડ રૂપિયાની ઓફરની વાત ચોંકાવનારી છે. તમિળનાડુમાં મોટાપાયે હોર્સ ટ્રેડીંગના આક્ષેપો થઈ રહ્યા છે.હજુ તો વિજયની સરકારને માંડ બે મહિના થયા છે ત્યાં તો તોડફોડની વાતો શરૂ થઈ ગઈ છે. મુખ્ય પ્રધાન વિજયમાં સંગઠનની સેન્સ નથી અને વિહવટ કરી શકે એમ નથી એવી વાતો ઉડવી શરૂ થઈ ગઈ છે. ૫૦ કરોડની ઓફર કરનારા ત્રણને ઓળખી કઢાયા છે. ટીવીકેના નેતાઓ આક્ષેપ કરે છેકે ડીએમકેના નેતાઓની ઓફર પાછળ સંડોવણી છે.

ટીવીકેના વિધાનસભ્ય પાસે એક રાજકીય મોરચાના નેતા ગયા હતા અને વિધાનસભામાં ઠરાવ દરમ્યાન સરકાર વિરૂધ્ધ મતદાન કરવા ૩૫ કરોડની ઓફર કરી હતી. આ ઓફર ઠુકરાવનાર વિધાનસભ્ય એન. ઈલ્યારાજાએ પોલીસનો સંપર્ક પણ કર્યો હતો અને તેમને તેમજ તેમના કુટુંબીજનોને ધમકાવવામાં આવે છે.

પોલીસે કેસ દાખલ કરીને બે જણાની ધરપકડ પણ કરી છે. માહિતી અનુસાર છેલ્લા ૪૦ દિવસમાં સ્ટાલીન અને ઉદયનિધિએ વિધાનસભ્યોને ૧૦થી ૫૦ કરોડ રૂપિયાની ઓફર કરી છે. જોકે કોઈ વિધાનસભ્યએ ઓફર સ્વિકારી નથી અને ઓફર કરનારા સામે ફરિયાદ કરી છે.બે મહિના પહેલાં જ્યારે પાંચ વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે બે રાજ્યોમાં મોટી ઉથલ પાથલ થઈ હતી. તમિળનાડુમાં મજબૂત એવા સત્તાધારી ડીએમકે પક્ષનું શાસન અભિનેતા વિજયના પક્ષ ટીવીકે આંચકી લીધું હતું જ્યારે પ.બંગાળમાં મમતા શાસન હાર્યું નથી પરંતુ તેમનો પક્ષ પણ તેમના હાથમાંથી સરકી ગયો છે. તમિળનાડુના રાજકારણને અહીં સમાવાયું છે.

### કેનેડાના વિદેશ મંત્રીની પાકિસ્તાન મુલાકાત અને $47 મિલિયનની સહાય

# ભારત સાથે મિત્રતા છોડી કેનેડાએ પાકિસ્તાનને આપ્યો સાથ

• ટોરેન્ટો

ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો લાંબા સમય સુધી તણાવપૂર્ણ રહ્યા હતા. જોકે, કેનેડામાં માર્ક કાર્ની વડાપ્રધાન બન્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારો જોવા મળી રહ્યો છે. આ હકારાત્મક બદલાવ વચ્ચે, કેનેડાએ પાકિસ્તાન માટે એક મોટી આર્થિક મદદની જાહેરાત કરીને વૈશ્વિક રાજનીતિમાં નવો વળાંક લાવ્યો છે. કેનેડાએ ઈસ્લામાબાદને કરોડો ડોલરની નાણાકીય સહાય આપવાની જાહેરાત કરી છે, જે ભારત સાથેના તેના સુધરતા સંબંધો વચ્ચે ચર્ચાનો વિષય બની છે.

કેનેડાના વિદેશ મંત્રી અનીતા આનંદ તાજેતરમાં પાકિસ્તાનની સત્તાવાર મુલાકાતે પહોંચ્યા હતા. તેમની સોમવારે પૂર્ણ થયેલી આ યાત્રા દરમિયાન જ કેનેડા સરકારે ઈસ્લામાબાદ માટે $47 Millionથી વધુના આર્થિક પેકેજની જાહેરાત કરી દીધી છે. ગ્લોબલ અફેર્સ કેનેડાના જણાવ્યા અનુસાર, આ રકમ પાકિસ્તાનમાં વિકાસ કાર્યો, સુરક્ષા સહયોગ અને વિવિધ સામાજિક પ્રોજેક્ટ્સ પાછળ ખર્ચવામાં આવશે.

અનીતા આનંદે સ્પષ્ટ કર્યું કે કેનેડા ઈન્ટરપોલ, યુએન ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (UNODC) અને રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ માટે $2.2 Millionની નવી ફંડિંગ આપીને પાકિસ્તાનના સુરક્ષા પ્રયાસોને મજબૂત કરશે. આ ઉપરાંત, કેનેડા સાથે જોડાયેલા અન્ય 3 મોટા પ્રોજેક્ટ્સ માટે વધારાની $45 Millionની ફંડિંગની પણ મહોર મારવામાં આવી છે.

કેનેડાના વિદેશ મંત્રી અનીતા આનંદની હાજરીનો લાભ ઉઠાવીને પાકિસ્તાને ફરી એકવાર ભારત વિરુદ્ધ પોતાનો પ્રોપેગેન્ડા શરૂ કર્યો હતો. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે મુલાકાત દરમિયાન 'સિંધુ જળ સંધિ'નો મુદ્દો ઉઠાવ્યો હતો. ઈશાક ડારે જણાવ્યું હતું કે, 'અમે કેનેડા સહિતના અમારા મિત્ર દેશો પાસેથી એવું સમર્થન ઈચ્છીએ છીએ જેથી ભારત સાથે સિંધુ જળ સંધિને તાત્કાલિક બહાલ કરી શકાય, પાણીનો હથિયાર તરીકે થતો ઉપયોગ બંધ થાય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ તેમજ સંધિની શરતોનું પાલન સુનિશ્ચિત કરી શકાય.'

ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના કાર્યકાળ દરમિયાન ભારતે કેનેડા પર પોતાની ધરતીનો ઉપયોગ ભારત વિરોધી ખાલિસ્તાની પ્રવૃત્તિઓ માટે થવા દેવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો, જેના કારણે રાજદ્વારી સંબંધો તળિયે પહોંચ્યા હતા. જોકે, રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસના ડેપ્યુટી કમિશનર લિસા મોરલેન્ડે તાજેતરમાં સ્પષ્ટ કર્યું હતું કે નિજ્જર કેસમાં ભારતીય અધિકારીઓની સંડોવણીના કોઈ પુરાવા મળ્યા નથી અને ભારત સરકારે તપાસમાં પૂરો સહયોગ આપ્યો છે.હવે કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીના નેતૃત્વમાં કેનેડા અમેરિકા પરની પોતાની આર્થિક નિર્ભરતા ઘટાડવા ભારત તરફ હાથ લંબાવી રહ્યું છે. આ વર્ષે 27 ફેબ્રુઆરીથી 2 માર્ચ દરમિયાન કેનેડાના વડાપ્રધાને ભારતની મુલાકાત લીધી હતી, જ્યાં બંને દેશો વચ્ચે યુરેનિયમ અને મહત્ત્વપૂર્ણ ખનિજોના પુરવઠા અંગે ઐતિહાસિક કરાર થયા હતા.તાજેતરમાં ફ્રાન્સના એવિયોન ખાતે યોજાયેલી G7 સમિટ દરમિયાન પણ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડિયન વડાપ્રધાન કાર્ની વચ્ચે દ્વિપક્ષીય મુલાકાત યોજાઈ હતી.

### તમિળનાડુના સીએમ વિજયની પારદર્શિતાની સીધી અસર થઈ

# તામિલનાડુ પર 10 લાખ કરોડનું દેવું

**ફિલ્મી ડાયલોગ અને વાસ્તવિકતામાં ફર્ક છે**

• ચેન્નઈ

તમિળનાડુના મુખ્યપ્રધાન સી. વિજય જોસેફે સત્તા સંભાળ્યાના બે મહિના થયા છે. તે રોજ રાજ્યના અધિકારીઓને બોલાવીને રાજ્ય માટે શું થઈ શકે તે વિશે શાંતિથી સાંભળે છે. મુખ્યપ્રધાન વિજય રાજકારણી નથી પરંતુ તેમણે રાજકારણના પ્રખર ગણાતા સ્ટાલીન પરિવારને સત્તાપરથી ઉથલાવ્યો છે તે હકીકત ભૂલી શકાય એમ નથી. મને વહિવટી અનુભવ નથી એમ કહીને અભિનેતા વિજય રાજ્યના વિકાસનું ગણિત સમજવા અધિકારીઓને બોલાવી રહ્યા છે.

સ્ટાલિન પરિવાર વિજયની સરકારને તોડવા મથે છે એવું જાણતા હોવા છતાં વિજયે આ પક્ષ છોડીને જવાનું વિચારતા લોકોને ચેતવી દીધા છે. વિજયે જ્યારે પોતાની ફિલ્મોમાં સરકાર વિરૂધ્ધમાં જે ડાયલોગ માર્યા હતા તે તેમને હવે મોંઘા પડી રહ્યા છે. એક ફિલ્મમાં વિજયે કહ્યું હતું કે સરકારી દવાખાનામાં સારી સવલતો ઉભી કરવી હોય તો રાજકારણીઓ ત્યાં સારવાર કરવા ફરજીયાત જાય તેવાં પગલાં લેવા જોઈએ.

આવા ડાયલોગ અને વિચાર સાંભળવા ગમે છે પરંતુ તેને ખડૂસ રાજકારણીઓ અમલમાં મુકવા તૈયાર નહીં થાય. ભારતના તમામ રાજ્યના રાજકારણીઓ રાજાશાહી ઠાઠથી જીવવા ટેવાયેલા છે. તે લકઝરી ઘરોમાં રહે છે અને લકઝરી ચીજો અપનાવીને રહે છે. તેમને કોઈ કાયદા કાનૂન સ્પર્શતા નથી સરકારી હોસ્પિટલોને બિનકાર્યક્ષમ રાજકારણીઓએજ બનાવી છે અને પોતાના માટે પ્રાઈવેટ હોસ્પિટલોની સારવાર આસાન બનાવી છે. ફિલ્મોમાં બોલાતા ડાયલોગ કેચી હોય છે, લોકોની વિચારતા કરી મુકે છે પરંતુ તેનો અમલ કરી શકાય એમ નથી.

એવુંજ વિજય જોસેફે શિક્ષણ ક્ષેત્રને સુધારવા ડાયલોગ બાજી કરી હતી. રાજકારણ સાથે સંકળાયેલા લોકો પોતાના સંતાનોને સરકારી સ્કુલોમાં મુકે તો સરકારી સ્કુલો સુંદર બને. તેમ કરવાથી પ્રાઈવેટ સ્કુલો દ્વારા ચલાવાતી તગડી ફીની લૂંટ અટકી શકે. ફિલ્મી ડાયલોગ બાજી અને વાસ્તવિકતા વચ્ચે આસમાન જમીનનો ફર્ક છે. હવે એ જોવાનું રહે છે કે મુખ્યપ્રધાન પદે બેઠેલા વિજય કેવું વેતરે છે. તેમની પાસે સ્પષ્ટ બહુમતી છે. તકસાધુ કોંગ્રેસે તેમની સાથે હાથ મિલાવી દીધા છે. પરંતુ રીતે વિજય પોતાની જાતે આકરા નિર્ણયો લેવા તૈયાર થયા છે તે જોઈને એમ લાગે છે કે તે કોંગ્રેસને ગાંઠશે નહીં.સોશ્યલ નેટવર્ક પર જોવા મળે છેકે મુખ્યપ્રધાન વિજયે તેમના પક્ષના તમામ નેતાઓ અને કાર્યકરોને તેમના સંતાનોને સરકારી સ્કુલોમાં મોકલવાનો આદેશ આપ્યો છે. તમિળનાડુના નાના કોન્ટ્રાક્ટરો મુખ્યપ્રધાન વિજયના એક પગલાંથી બહુ ખુશ છે જેમાં તેમણે નાનામાં નાના કામ માટેનો ઓર્ડર દરેક કોન્ટ્રાક્ટર માટે ઓપન કરી દીધી છે. ટૂંકમાં દરેક કામ માટે દરેક કોન્ટ્રાક્ટર ટેન્ડર ફોર્મ ભરી શકે છે.

પોતાના રાજ્યની આર્થિક સ્થિતિ કેવી છે તેનાથી પ્રજા પણ જાણકાર રહે તે માટે ગઈ સરકારે કરેલા ખર્ચનું શ્વેત પત્ર તે બહાર પાડશે અને પછી મોટા પ્રોજેક્ટ હાથમાં લેશે. મુખ્યપ્રધાન વિજયે જાહેર કર્યું છે કે તેમના રાજ્ય પર ૧૦ લાખ કરોડનું દેવું છે. મુખ્યપ્રધાન પદું સંભાળવા સાથેજ તેમણે ખર્ચામાં પારદર્શિતા અપનાવવાનું પ્રોમીસ આપ્યું છે. કેટલાક નવા કોન્ટ્રાક્ટમાં જ્યારે ઓપન સિસ્ટમ અપનાવવામાં આવી ત્યારે સ્થાનિક વહિવટી તંત્રને પાંચ થી સાત લાખનો દેખીતો લાભ થયો હતો.

ભૂતપૂર્વ સ્ટાલીન સરકારમાં દરેક ટેન્ડર બજાર કિંમત કરતાં ૧૦ ટકા વધુ ભરાતા હતા જેથી રાજ્યની તિજોરી પર ફટકો પડતો હતો. મોટા ભાગના ટેન્ડરો સ્ટાલીન સરકારના મળતીયાને જતા હતા જે ઉંચા ભાવ ભરીને તગડી કમાણી કરતા હતા. જોકે મુખ્યપ્રધાન વિજયે જુની સિસ્ટમ પર બ્રેક મારી દીધી હોઈ લોકો તેમની પ્રશંસા કરી રહ્યા છે.

### ટિયર ગેસના સેલ છોડાયા, અનેક પોલીસ કર્મી ઘાયલ

# દિલ્હીમાં ફરી હિંસક દેખાવો, પથ્થમારા બાદ પોલીસનો લાઠીચાર્જ



• નવી દિલ્હી

દિલ્હીના ટૉલ્સ્ટૉય માર્ગ પર NEET પરીક્ષાના મુદ્દે ચાલી રહેલા પ્રદર્શન દરમિયાન અચાનક હિંસા ફાટી નીકળી છે. ઉપદ્રવીઓએ સ્થળ પર તૈનાત સુરક્ષાકર્મીઓ પર ભારે પથ્થરમારો કર્યો હતો, જેમાં કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

મળતી માહિતી મુજબ, ટૉલ્સ્ટૉય માર્ગ પર રેપિડ એક્શન ફોર્સ (RAF) અને દિલ્હી પોલીસની ટીમ દરરોજની જેમ સુરક્ષામાં તૈનાત હતી. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અચાનક હિંસક બન્યા હતા અને પોલીસ તથા RAFના જવાનો પર મોટા પથ્થરો, બોટલો તેમજ લાકડીઓ વડે હુમલો કરી દીધો હતો.

સ્થિતિ પર કાબૂ મેળવવા માટે RAF અને પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. ઉપદ્રવી ભીડને વિખેરવા માટે સુરક્ષા દળોએ હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો અને ૨-૩ અશ્રુવાયુ (આંસુ ગેસ)ના ગોળા છોડીને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી.NEET પેપર લીકના મુદ્દે દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન હજુ પણ ચાલી રહ્યું છે. જંતર-મંતર પર ભેગી થયેલી ભીડ આગળ વધીને ટૉલ્સ્ટૉય માર્ગ પર પહોંચી હતી અને પથ્થરમારો શરૂ કર્યો હતો. જોકે, આ ઘટના શા માટે બની અને પ્રદર્શનકારીઓએ પથ્થરમારો કેમ કર્યો, તેનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. હાલ સમગ્ર વિસ્તારમાં વધારાનો પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.

### યુવાનોની સ્થિતિ પર અન્ના હજારેએ વ્યક્ત કરી ચિંતા

# NEET પેપર લીક વિવાદમાં અન્ના હઝારેની એન્ટ્રી

**PM મોદીને પત્ર લખી આપી ચેતવણી**

• નવી દિલ્હી

NEET પેપર લીક વિવાદ અને દિલ્હીમાં પ્રદર્શનકારીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને સામાજિક કાર્યકર અન્ના હજારેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે સરકારને સલાહ આપી છે કે આંદોલનોને દબાવવાને બદલે વાતચીત દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ. દેશના લાખો યુવાનો પેપર લીક અને બેરોજગારીથી પરેશાન છે.

અન્ના હજારેએ પત્રમાં જણાવ્યું કે આ વર્ષે 22 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પેપર લીક અને ગડબડીના કારણે નિરાશ થઈને 22 બાળકોએ આત્મહત્યા કરી લીધી છે. તેમણે ઉમેર્યું કે કોઈ પણ ગડબડી થાય ત્યારે માત્ર નાના કર્મચારીઓ સામે કાર્યવાહી થાય છે અને મોટા અધિકારીઓ બચી જાય છે. ઉચ્ચ અધિકારીઓએ પણ તેની સીધી જવાબદારી લેવી જોઈએ.છેલ્લા 25 દિવસથી રસ્તા પર બેઠેલા વિદ્યાર્થીઓ અને વાલીઓનું સમર્થન કરતા અન્નાએ લખ્યું કે જવાબદાર વિભાગના વડાનું રાજીનામું લેવું જોઈએ. રાજીનામું લેવાથી સરકાર નથી પડી જતી, પરંતુ તેનાથી વહીવટી તંત્રમાં સ્પષ્ટ સંદેશ જાય છે કે બેદરકારી સહન કરવામાં નહીં આવે. દિલ્હીમાં બનેલી ઘટનાઓ અને સોનમ વાંગચુકને અનશન સ્થળેથી હટાવવા પર અન્ના હજારેએ સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે આટલા દિવસોથી આંદોલન ચાલી રહ્યું છે, છતાં સરકારી પ્રતિનિધિઓએ તેમની સાથે વાત કરી નથી. પ્રદર્શન કરી રહેલા લોકો દેશના જ નાગરિકો છે, તેથી તેમના અવાજને વિપક્ષી અવાજ ગણીને ફગાવી દેવો યોગ્ય નથી.મહાત્મા ગાંધીના સત્યાગ્રહ અને બંધારણીય મૂલ્યો યાદ અપાવતા તેમણે જણાવ્યું કે લોકશાહીમાં સંઘર્ષ કરતા વાતચીતનો માર્ગ વધુ ઉત્તમ છે. સરકારે સંયમ દાખવીને વિદ્યાર્થીઓ અને નાગરિકો વચ્ચે ફરીથી વિશ્વાસ ઊભો કરવો જોઈએ.

### કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કરી સ્પષ્ટતા

# સંસદમાં નીટ પેપરલિક મામલે ચર્ચા માટે તૈયારી દર્શાવી

• નવી દિલ્હી

દિલ્હીમાં ભાજપ મુખ્યાલય ખાતે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ પત્રકાર પરિષદ યોજી. તેમણે CJP પ્રતિનિધિમંડળ સાથેની વાતચીતની સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, વિપક્ષ પેપર લીકના મુદ્દે રાજકારણ કરી રહ્યું છે. નડ્ડાએ રાહુલ ગાંધીના આરોપોને ખોટા ગણાવ્યા. તેમણે સંસદમાં ચર્ચા માટે તૈયારી દર્શાવી અને પેપર લીકની ઘટનાઓ માટે વિપક્ષ શાસિત રાજ્યોનો પણ ઉલ્લેખ કર્યો.

કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ બુધવારે સાંજે દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલયમાં એક પત્રકાર પરિષદ કરીને CJP પ્રતિનિધિમંડળ સાથે થયેલી વાતચીત અંગે સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યુ કે, વિપક્ષ પેપર લીકના મુદ્દા પર રાજકારણ કરી રહ્યુ છે. CJPના પ્રતિનિધિમંડળે અમને તેમની માગણીઓ જણાવી હતી, તે મુદ્દે અમે કાર્યવાહી કરવાનો વિશ્વાસ અપાવ્યો હતો.નડ્ડાએ કહ્યુ કે પેપર લીક મામલે રાહુલ ગાંધી ખોટા આરોપો લગાવી રહ્યા છે.

પત્રકાર પરિષદ દરમિયાન એક પત્રકારે પૂછ્યું કે, CJPના નેતૃત્વ સાથે તમારી શું વાત થઈ? તેના જવાબમાં જે.પી. નડ્ડાએ કહ્યું, 'ખૂબ જ સારા વાતાવરણમાં તેમની સાથે વાત થઈ. તેમણે પોતાની માંગણીઓ જણાવી. અમે તેમને પોતાની માંગણીઓ લખીને આપવા કહ્યું, જે તેમણે આપી. તેના પર અમે વિચાર કરીશું અને પછી તેમનો સંપર્ક કરીશું.'જે.પી. નડ્ડાએ કહ્યું, 'આપણે આરોપ-પ્રત્યારોપથી આગળ વધીને આના પર ચર્ચા કરવી જોઈએ. ચર્ચાનું સૌથી સારું માધ્યમ સંસદ છે, અને અમે તે ચર્ચા માટે તૈયાર છીએ. આના પર પૂરતી ચર્ચા થવી જોઈએ, જેમાં ઊંડાણપૂર્વક ચર્ચા કરીને વિગતો સમજવામાં આવે. પેપર લીક થવાના કારણો શું છે? તેમાં કયા લોકો સામેલ છે, અને કેન્દ્ર સરકારે આના પર શું જવાબ આપ્યો છે?, જ્યારે પેપર લીકનો મામલો અમારા ધ્યાનમાં આવ્યો, તો અમે આ મુદ્દાને કેવી રીતે ઉકેલ્યો છે, અને બીજી સરકારોએ તેને કેવી રીતે ઉકેલવો જોઈએ? આપણે કઈ બાબત પર ઊંડાણપૂર્વક વિચારવું જોઈએ, અને તેનો ઉકેલ કેવી રીતે લાવવો જોઈએ જેથી આપણા લાખો વિદ્યાર્થીઓ સાથે અન્યાય ન થાય?'એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક સાથેની મુલાકાત પર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું, 'અમે તેમના ખબર-અંતર પૂછવા ગયા હતા. તેમને સફદરજંગ હોસ્પિટલમાંથી મેદાન્તા શિફ્ટ કરવામાં આવ્યા હતા. તેઓ ICUમાં હોવાથી ત્યાંનું વાતાવરણ મર્યાદિત હતું. અમારી મુલાકાત દરમિયાન અમે તેમના સ્વાસ્થ્ય અને ખબર-અંતર પૂછ્યા. અમે તેમને પોતાના ઉપવાસ તોડવા, મુખ્યધારામાં સામેલ થવા અને બાળકોને સાચી દિશા બતાવવા માટે વિનંતી કરી. અમારી સરકાર તમામ મુદ્દાઓ પર વાતચીત માટે તૈયાર છે, અને તેને ઉકેલવા માટે હંમેશાં તૈયાર છે. આજે તેમણે મને એક ખુલ્લો પત્ર (Open Letter) લખ્યો છે.

Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR









# કોંગ્રેસ લોકશાહીની ગરિમાનો ભંગ કરીને અરાજકતા ફેલાવે છે :જગદીશભાઈ વિશ્વકર્મા

## ગુજરાત અને દેશની જાગૃત જનતા કોંગ્રેસના રાજકીય ષડયંત્રોને ક્યારેય સફળ થવા દેશે નહીં

• અમદાવાદ

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગઈકાલે વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના નેતાઓ દ્વારા દેશના પ્રધાનમંત્રીનરેન્દ્રભાઈ મોદીના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન કરીને લોકશાહીની મર્યાદા, પ્રધાનમંત્રીશ્રીના પદની ગરિમા તથા સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષને ન છાજે તેવા આ બેજવાબદાર કૃત્યના વિરોધમાં આજે ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના નેતૃત્વ હેઠળ અમદાવાદના પાલડી સ્થિત ગુજરાત કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે ધરણાં પ્રદર્શન યોજાયું હતું. ભાજપા કાર્યકર્તાઓએ કોંગ્રેસના શરમજનક વર્તનની નિંદા કરતાં વિવિધ બેનરો સાથે સૂત્રોચ્ચાર કરીને દેશના પ્રધાનમંત્રીનરેન્દ્રભાઈ મોદીના આવાસને ઘેરવાના કોંગ્રેસના કૃત્યનો સખત વિરોધ નોંધાવ્યો હતો. આ ધરણાં પ્રદર્શન દરમિયાન પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, લોકશાહીમાં દરેક રાજકીય પક્ષને વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ દેશના પ્રધાનમંત્રીના નિવાસસ્થાનની સુરક્ષા, પદની ગરિમા અને બંધારણીય મર્યાદાઓનું પાલન કરવું દરેકની નૈતિક અને લોકશાહી જવાબદારી છે. કોંગ્રેસે આ તમામ મર્યાદાઓનો ભંગ કરીને જે શરમજનક કૃત્ય કર્યું છે તે અત્યંત નિંદનીય છે. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના પ્રશ્નો અને જાહેર હિતના મુદ્દાઓ પર જવાબદાર અને રચનાત્મક ચર્ચા થવી જોઈએ, પરંતુ કોંગ્રેસ આવા ગંભીર મુદ્દાઓને પણ રાજકીય સ્વાર્થ માટે ઉપયોગમાં લઈ યુવાનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે. કેન્દ્ર સરકારે નીટ પરીક્ષાના મુદ્દે પારદર્શક તપાસ, દોષિતો સામે કડક કાર્યવાહી અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે અસરકારક પગલાં લીધા છે. તેમ છતાં કોંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધી આ મુદ્દે માત્ર રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, પેપર લીક જેવી ગંભીર ઘટનાના સંદર્ભે આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબંધિત તંત્રને સ્પષ્ટ અને કડક સૂચનાઓ આપી છે. ગઈકાલે કોંગ્રેસે રાજકીય નાટક કરીને જે બેજવાબદાર વર્તન કર્યું છે તેને ગુજરાત અને દેશની જનતા ક્યારેય સ્વીકારશે નહીં. વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ દેશનો યુવાન આજે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદાર બન્યો છે. યુવાનો આજે માત્ર 'જોબ સીકર' નહીં, પરંતુ 'જોબ ગીવર' તરીકે નવી તકોનું સર્જન કરી રહ્યા છે અને ભારતે વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે. વિશ્વના ૩૪ થી વધુ દેશોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે જે ભારતની વૈશ્વિક સ્તરે મજબૂતીનું ઉદાહરણ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પોતાના દાયકાઓના શાસનકાળ દરમિયાન જે વિકાસકાર્યો કરી શકી નહોતી, તે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટૂંકા ગાળામાં સાકાર થયા છે. પરિણામે આજે દેશના યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત સમાજના દરેક વર્ગમાં ભાજપ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે અતૂટ વિશ્વાસ વ્યક્ત થઈ રહ્યો છે અને જનતા સતત ભાજપાને જનસેવાની તક આપી રહી છે. વર્ષોથી સત્તાથી દૂર રહેલી કોંગ્રેસ હવે યુવાનોને ગેરમાર્ગે દોરીને રાજકીય લાભ મેળવવાના ષડયંત્રોમાં વ્યસ્ત છે, પરંતુ ગુજરાત અને દેશની જાગૃત જનતા આવા રાજકીય ષડયંત્રોને ક્યારેય સફળ થવા દેશે નહીં. આ ધરણાં પ્રદર્શનમાં પ્રદેશ મહામંત્રીશ્રીઓ અનિરૂદ્ધભાઈ દવે, ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશ પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલ, અમદાવાદના મેયરશ્રી, અમદાવાદ તથા ગાંધીનગરના શહેર-જિલ્લા ભાજપા સંગઠનના પ્રમુખશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, ભાજપા અગ્રણીઓ તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

**પેપર લીક જેવી ગંભીર ઘટનાના સંદર્ભે આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબંધિત તંત્રને સ્પષ્ટ અને કડક સૂચનાઓ આપી છે છતાં કોંગ્રેસને રાજકીય રોટલા શેકવા છેઃ પ્રદેશ પ્રમુખ**

### કુડાસણ વિસ્તારમાં ગાંધીનગર મહાનગરપાલિકાની નાઈટ ડ્રાઈવ

# સ્વચ્છતા, ટ્રાફિક વ્યવસ્થા અને દબાણો સામે કડક સંયુક્ત કાર્યવાહીથી દોડધામ

• ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુડાસણના વિવિધ કોમર્શિયલ તેમજ ભીડભાડવાળા વિસ્તારોમાં દબાણ પ્રવૃત્તિઓ, ટ્રાફિક સમસ્યાઓ અને સ્વચ્છતા સંબંધિત પ્રશ્નોના અસરકારક નિવારણ માટે તા. 09 જુલાઈ, 2026થી વિશેષ નાઈટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનના અનુસંધાને તા. 20 જુલાઈ, 2026ના રોજ કુડાસણ ખાતે કંસાર હોટલથી લેન્ડમાર્ક તરફના માર્ગ પર સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.આ કામગીરીમાં ગાંધીનગર મહાનગરપાલિકાની સેનિટેશન શાખા, ટાઉન પ્લાનિંગ શાખા, એસ્ટેટ શાખાના અધિકારીઓ તથા તેમની ટીમો ઉપરાંત ટ્રાફિક પોલીસ પણ જોડાઈ હતી.ડ્રાઈવ દરમિયાન સુપ્રીમ કોર્ટના Solid Waste Management Rules, 2016ના અસરકારક અમલીકરણ માટે બિલ્ડિંગ મેનેજમેન્ટ તથા તમામ વ્યાવસાયિક એકમોને સ્વચ્છતા જાળવવા તેમજ કચરાના નિયત ચાર પ્રકારના વર્ગીકરણ મુજબ ચાર અલગ-અલગ ડસ્ટબિન રાખવા સૂચનાઓ આપવામાં આવી



હતી.ગાંધીનગર મહાનગરપાલિકાના સ્વચ્છતા સંબંધિત બાયલોઝના ભંગ બદલ ગંદકી ફેલાવવી, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો, રેડ સ્પોટ સર્જવા તેમજ કચરાનું યોગ્ય વર્ગીકરણ (Non-Segregation) ન કરવા જેવા વિવિધ ગુનાઓ બદલ કુલ 18 વ્યક્તિઓ/એકમો પાસેથી રૂ. 18,200નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ પાર્કિંગ તથા ટ્રાફિક નિયમોના ભંગ બદલ કુલ 18 વાહનચાલકો સામે રૂ. 12,000ના ઈ-મેમો ઈસ્યુ કરવામાં આવ્યા હતા.એસ્ટેટ તથા ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા તમામ વ્યાવસાયિક એકમોને બેઝમેન્ટ પાર્કિંગ માટે જરૂરી સાઈનેજ લગાવવા, સક્ષમ સુરક્ષા કર્મચારીઓની નિમણૂક કરીને તમામ વાહનોને માત્ર નિર્ધારિત પાર્કિંગમાં જ પાર્ક થાય તેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ માર્ગ પર ઉભા કરવામાં આવેલા ગેરકાયદેસર પાર્કિંગનો તાત્કાલિક નિકાલ કરી પાર્કિંગનો નિયમ મુજબ ઉપયોગ કરવા સૂચવવામાં આવ્યું હતું.દબાણ શાખા દ્વારા માર્ગ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી.ગાંધીનગર મહાનગરપાલિકા નાગરિકો તથા વેપારીઓને અપીલ કરે છે કે તેઓ સ્વયંશિસ્ત જાળવી સરકારશ્રીના નિયમો અને મળેલી મંજૂરી મુજબ વ્યવસાયનું સંચાલન કરે તેમજ જાહેર માર્ગો પર દબાણ, ગેરવ્યવસ્થિત પાર્કિંગ અને ગંદકી જેવી પ્રવૃત્તિઓથી દૂર રહે. નાગરિકોના સહયોગથી ટ્રાફિક વ્યવસ્થા, સ્વચ્છતા અને જાહેર સુવિધાઓમાં સુધારો લાવી શકાય છે.

### નીચાણવાળા વિસ્તારોમાં SDRF અને NDRFની બે ટીમો સ્ટેન્ડબાય

# સુરત શહેરમાં આજે સતત વરસાદને પગલે રેડ એલર્ટઃ મનપા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે પાણી નિકાલ અને રાહત કામગીરી

## સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હોવાથી નાગરિકો પેનિક ન થવા અનુરોધ




• જે બી ટાંક સુરત

સુરત શહેરમાં આજે વહેલી સવારથી ભારે વરસાદનું જોર વધવાને કારણે હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવી રહ્યા છે. મ્યુ. કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે, આજે વહેલી સવારથી જ SMCના અધિકારીઓ અને કર્મચારીઓ ફિલ્ડ પર ઉપસ્થિત રહીને પાણીના નિકાલની કામગીરી યુદ્ધના ધોરણે કરી રહ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાંથી પાણી ઝડપથી બહાર કાઢવા માટે તમામ સઘન વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. રેડ એલર્ટના સંદર્ભમાં અગાઉથી સ્ટેન્ડબાય રહેલી SDRF અને NDRFની બે ટીમો ઉપરાંત વધુ બે વધારાની ટીમો મંગાવવામાં આવી છે. આ તમામ ટીમોને પાણી ભરાવાની શક્યતા હોય તેવા નીચાણવાળા સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે અને તેઓ સ્ટેન્ડબાય મોડ પર કામ કરી રહી છે એમ તેમણે કહ્યું હતું. નાગરાજને કહ્યું કે, ભેદવાડ ખાડી વિસ્તાર કે જ્યાં પાણીનો પ્રવાહ ડેન્જર લેવલ ઉપર ચાલી રહ્યો છે, ત્યાંથી જોખમી સ્થિતિમાં રહેલા લોકોને સુરક્ષિત ખસેડીને શેલ્ટર હોમમાં શિફ્ટ કરવાની કામગીરી શરૂ છે. આ ઉપરાંત, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા સતત અપીલ કરીને નાગરિકોને સાવચેત કરવામાં આવી રહ્યા છે. વરસાદી સ્થિતિ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને BRTS અને સિટી બસના રૂટ્સ પર મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે. જરૂરિયાત મુજબના શહેરી બસ સેવાના ૫ જેટલા રૂટ્સ હાલ પૂરતા બંધ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય રૂટ્સ પર સ્થિતિ મુજબ દેખરેખ રાખવામાં આવી રહી છે. જ્યાં સુધી ખાસ જરૂર ન હોય ત્યાં સુધી ઘરની અંદર અથવા સુરક્ષિત સ્થળોએ જ રહેવા અને ખાસ કરીને બાળકોનું વિશેષ ધ્યાન રાખવા કમિશનરશ્રીએ તમામ શહેરીજનોને અપીલ કરી હતી. કોઈપણ પ્રકારની મુશ્કેલી કે કટોકટીની સ્થિતિમાં નાગરિકોને SMCના હેલ્પલાઈન અથવા ઈમરજન્સી નંબર પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. તંત્ર દ્વારા તમામ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હોવાથી નાગરિકોએ પેનિક થવાની જરૂર નથી, પરંતુ રેડ એલર્ટ દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાનિ કે માલસામાનને નુકસાન ન થાય તે માટે સૌએ સંપૂર્ણ સહકાર આપી તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનિય છે કે, લિંબાયત ઝોનના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા શહેરીજનોની સલામતીને ધ્યાનમાં રાખી સુરત મનપા દ્વારા SMCના રિલીફ સેન્ટર અથવા નજીકના ઊંચાણવાળા સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવા અપીલ કરાઈ છે.

### અરજદારના પ્રશ્નનો સંપૂર્ણ અભ્યાસ પછી નિર્ણય લેવાય છેઃકલેક્ટર

# ગાંધીનગર કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયો 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમ

## તમામ ૧૨ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરાયો






• ગાંધીનગર

રાજ્ય સરકારના લોકાભિમુખ અભિગમ અંતર્ગત નાગરિકોના પ્રશ્નોનું સમયસર અને અસરકારક નિરાકરણ લાવવાના મુખ્ય હેતુસર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટરરવિન્દ્ર ખતાલેની અધ્યક્ષતામાં જુલાઈ માસનો 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના નાગરિકો દ્વારા રજૂ કરવામાં આવેલી વ્યક્તિગત તથા જાહેર હિતને લગતા કુલ ૧૨ પ્રશ્નો અંગે સંબંધિત વિભાગના અધિકારીઓ અને અરજદારોની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીની સમીક્ષા બાદ આ તમામ ૧૨ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન કલેક્ટરરવિન્દ્ર ખતાલે જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીઓને સૂચના આપતા જણાવ્યું હતું કે,નાગરિકોની ફરિયાદો પ્રત્યે તમામ અધિકારીઓએ સંવેદનશીલ અભિગમ દાખવવો અને સરકારી માર્ગદર્શિકા મુજબ ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવી. અધિકારીઓએ માત્ર પ્રાથમિક માહિતી સાથે નહીં, પરંતુ પ્રશ્નનો સંપૂર્ણ અભ્યાસ કરીને આવવું જેથી નાગરિકોના પ્રશ્નોનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવી શકાય. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટરવિપુલ ઠક્કર, અધિક કલેકટરઅમિતભાઈ પરમાર સહિત વિવિધ સંલગ્ન વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મેયર, સ્થાયી અધ્યક્ષ અને મ્યુ.કમિશનરે ખાડી વિસ્તારની મુલાકાત લીધી

# સુરત મનપા તંત્રવાહકોએ નીચાણવાળા વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ વરસાદી પરિસ્થિતિની સમીક્ષા કરી



• જે બી ટાંક પત્રકાર સુરત

સુરતમાં સતત વરસાદ અને ભારે વરસાદના રેડ એલર્ટ દરમિયાન મેયર શ્રીમતી માયાબેન માવાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષરાજન પટેલ અને કોર્પોરેટરોએ ઉધના વિસ્તારના પ્રમુખ પાર્ક, અઠવા ઝોન તેમજ આઝાદનગર-રસુલાબાદના નીચાણવાળા વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ વરસાદી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને સંબંધિત અધિકારીઓને તાત્કાલિક રાહત અને જરૂરી કામગીરી, અસરગ્રસ્ત નાગરિકોને ઝડપભેર શેલ્ટર હોમમાં સ્થળાંતર કરવાની માટે સૂચનાઓ આપી હતી.

મ્યુ. કમિશનરએમ. નાગરાજને પણ વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ઉધના ઝોનમાં ઉધના-સચિન મેઈન રોડ, ભેદવાડ ખાડી, પ્રમુખ પાર્ક અને ચોસઠ જોગણી માતા મંદિર વિસ્તાર તેમજ અઠવા ઝોનમાં ભીમરાડ મેટ્રો સ્ટેશન રોડ અને ખાટુશ્યામ મંદિર રોડની મુલાકાત લીધી હતી અને સંભવિત વરસાદી સ્થિતિને પહોંચી વળવા તંત્રની સજ્જતા ચકાસી હતી. તેમણે અધિકારીઓને જરૂરી સૂચનો કરી પરિસ્થિતિની સ્થળ પર જ સમીક્ષા કરી હતે. ખાસ કરીને મનપાના અધિકારીઓને ફિલ્ડમાં સતત હાજર રહી વરસાદી પરિસ્થિતિ પર નજર રાખવા તેમજ જરૂરી રાહત અને બચાવ કામગીરી ત્વરિત, અસરકારક અને સુનિશ્ચિત રીતે હાથ ધરવા તાકીદ કરી હતી.

### સુરત શહેરમાં ભારે વરસાદને પગલે રેડ એલર્ટ

# તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને સ્થળાંતરની કામગીરી કરાઈ

## ૫૪ વિદ્યાર્થિનીઓ તથા ૧૫ સ્ટાફનું રિલીફ સેન્ટરમાં સુરક્ષિત સ્થળાંતર





• જે બી ટાંક પત્રકાર સુરત

સુરત શહેરમાં આજે વહેલી સવારથી ભારે વરસાદનું જોર વધવાને કારણે હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવી રહ્યા છે. પૂર્વ ઝોન-બી વિસ્તારમાં આવેલી આદર્શ નિવાસી શાળાના ૩૧ વિદ્યાર્થીઓ, ૫૪ વિદ્યાર્થિનીઓ તથા ૧૫ સ્ટાફ એમ કુલ ૧૦૦ વ્યક્તિઓને સુરક્ષિત રીતે નજીકના SMC રિલીફ સેન્ટરમાં સ્થળાંતર કરવામાં આવ્યા હતા. ઉધના તથા લિંબાયત ઝોનના નીચાણવાળા વિસ્તારોમાંથી ૦૯ શહેરીજનોને સલામત રીતે સ્થળાંતર કરી સારોલી નગર પ્રાથમિક શાળામાં આશ્રય આપવામાં આવ્યો છે.લિંબાયત ઝોનના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા શહેરીજનોની સલામતીને ધ્યાનમાં રાખી સુરત મનપા દ્વારા SMCના રિલીફ સેન્ટર અથવા નજીકના ઊંચાણવાળા સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવા અપીલ કરાઈ છે. રિલીફ સેન્ટરમાં સ્થળાંતરિત શહેરીજનોની આરોગ્ય સુરક્ષા માટે મેડિકલ ટીમ દ્વારા આરોગ્ય પરીક્ષણ અને સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.